GJMR060005032026

| Received on | 09-03-2017 |
|---|---|
| Registered on | 09-03-2017 |
| Decided on | 25-03-2026 |
| Duration on Yr. Mo. Ds. Ds. | |

## ::ફોર્મ–એ::

| હળવદના મે. એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલત,<br>મુ. હળવદ(એન.જી.સુરતી )GJ-00711<br>ચુકાદાની તારીખ – ૨૫/૦૩/૨૦૨૬<br>ક્રિમિનલ કેસ નંબર : ૩૭૦/૨૦૨૬<br>હળવદ પો.સ્ટે. ફર્સ્ટ પાર્ટ ગુ.ર.નં. ૧૧૯૫/૨૦૨૫ | |
|---|---|
| ફરીયાદપક્ષ: | શ્રી સરકાર |
| રજુઆત: | વિ.એ.પી.પી.શ્રી એ.પી.માલવાણીયા |
| આરોપીપક્ષ: | સવજીભાઈ કાંન્તીભાઈ દેવીપુજક,<br>રહે. મેલડીનગર જી.ઈ.બી. કવાર્ટર બાજુમાં ઝુપડામાં,<br>વિરમગામ, તા.વિરમગામ, જી.અમદાવાદ. |
| રજુઆત | આરોપી તર્ફે વિ.વ.શ્રી જી.એમ.ડામોર |

| | |
|---|---|
| **ગુન્હો** | બી.એન.એસ.કલમ–૩૦૩(૨) મુજબ. |

## ::ફોર્મ–બી::

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા. ૨૬/૧૨/૨૦૨૫ |

| | |
|---|---|
| એફ.આઈ.આર. ની તારીખ | તા. ૨૬/૧૨/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | તા. ૦૯/૦૩/૨૦૨૬ |
| ચાર્જફ્રેમ કર્યાની તારીખ | તા. ૧૦/૦૩/૨૦૨૬ |
| પુરાવો શરુ કર્યાની તારીખ | તા. ૧૭/૦૩/૨૦૨૬ |
| કઈ તારીખે કામ ઠરાવ પર રાખ્યું | તા. ૨૫/૦૩/૨૦૨૬ |
| ઠરાવની તારીખ | તા. ૨૫/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | નીલ |

| આરોપી | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીરવાર /નિર્દોષ | સજા | સી.આર. પી.સી.ની કલમ :૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | સવજીભાઈ કાંન્તીભાઈ દેવીપુજક | ૩૦/૧૨/૨૫ | ૨૫/૦૩/૨૬ | બી.એન.એસ કલમ–૩૦૩ (૨) | નિર્દોષ | નીલ | નીલ |

FORM C

**ફરીયાદપક્ષે** /બચાવપક્ષે/કોર્ટ તરફે સાહેદ લીસ્ટ–:

| **ક્રમ નં.** | **આંક** | **સાક્ષી** | **નામ.** |
|---|---|---|---|
| ૧. | ૬ | ફરીયાદી | દયારામભાઈ ભુદરભાઈ ચાવડાની જુબાની |
| ૨. | ૮ | પંચસાહેદ | ભાવેશભાઈ રમેશભાઈ કોળીની જુબાની |
| ૩. | ૧૦ | પંચસાહેદ | રાજુભાઈ વિનોદભાઈ વીરમગામીયા |

**ફરીયાદપક્ષે** /બચાવપક્ષે/કોર્ટ તરફે સાહેદ લીસ્ટ–:

| ક્રમ નં. | આંક | દસ્તાવેજનુ વર્ણન. |
|---|---|---|
| ૧. | ૭ | અસલ ફરીયાદ |
| ૨. | ૯ | અટક પંચનામું |
| ૩. | ૧૧ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૪. | ૧૨ | કલોઝીંગ પુર્સીસ |

હળવદ.

તા.૨૫/૦૩/૨૦૨૬ ( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, હળવદ

કોડ નં.જી.જે.૦૦૭૧૧.

:: ઠરાવ ::

**આરોપી વિરુધ્ધ તહોમત :**

(૧) હાલના કામે આરોપી વિરુધ્ધ બી.એન.એસ. કલમ–૩૦૩(૨) મુજબ શિક્ષા પાત્ર ગુન્હાઓનું તહોમત મુકવામાં આવેલ છે.

**ફરીયાદપક્ષના કેસની ટૂંકી વિગત :**

(૨) આ કામે ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીની વાદળી કલરની છકડો રીક્ષા રજી. નં. જી.જે. ૧૩ ટી. ૫૬૧૯વાળી જેની કિ.રૂા. આસરે ૨૦,૦૦૦/– ગણી શકાય જે સરા રોડ ઉપર ઢવાણીયા દાદાના દેરી સામે નારાયણ પેરાજ ટ્રાન્સપોર્ટ પાસે રાખેલ હોય જયાંથી આ કામના આરોપી ચોરી કરી લઈ જઈ ગુન્હો કરેલ છે.

**પોલીસ તપાસ અને ચાર્જશીટ રજૂ થયાની વિગત :**

(૩) આ કામે ફરીયાદીની ફરીયાદના આધારે હળવદ પો.સ્ટે. ગુ.ર.નં. એ–પાર્ટ ૧૧૯૫/૨૦૨૫ થી ગુન્હો દાખલ કરી તપાસ કરનાર અમલદારે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, સ્થાનીક જગ્યાનું પંચનામું પંચો રુબરુ કરી, તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ કરવા જેટલો પુરાવો જણાતા, આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ રજૂ કરેલ છે.

**આરોપીને સમન્સ તથા તહોમતનામું :**

(૪) આ કામે આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૪ અન્વયે જારી કરવામાં આવેલ સમન્સ ધોરણસર બજી જતાં તેઓ અદાલત રુબરુ હાજર થયેલ. આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ પ્રમાણે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પુરી પાડવામાં આવેલ છે. આરોપી સામેના ગુન્હાની મહત્તમ સજાની જોગવાઈ જોતાં સદર ગુનો ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨(એકસ) અન્વયે વોરંટ કેસ હોય, કાર્યરીતીના પ્રકરણ–૧૯ અન્વયે પોલીસ રેકર્ડ પરથી રજૂ વોરંટ કેસની ઈન્સાફી કાર્યવાહી અનુસરવામાં આવેલ છે. કલમ–૨૪૦ મુજબ આંક–૪થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. સદર તહોમતનામું આરોપીને વાંચી સંભળાવી તેમનું પ્રાથમીક નિવેદન આંક–૫થી નોંધેલ છે. આરોપીએ તેમના વિરુધ્ધના આરોપનો ઈન્કાર કરેલ છે.જેથી આરોપી વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૪૨ અન્વયે ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**ફરીયાદપક્ષના પુરાવાનું સમાપન અને આરોપીનું વિશેષ નિવેદન :**

(૫) ફરીયાદ પક્ષે ઉપરોકત મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયા બાદ આ કામે આંક–૧૨વાળી પુરાવો પુરો થયાની પુરશીસ તથા ફરીયાદપક્ષના સાહેદનો મૌખિક પુરાવો તથા લેખિત પુરાવો સમગ્ર રીતે વંચાણે લેતા, આ કામે આરોપીઓ સમક્ષ ખુલાસા / જવાબ માટે મુકવી પડે તેવી હકીકત રેકર્ડ પર ન હોય ક્રિ. પ્રો.કોડની કલમ ૩૧૩ હેઠળ વિશેષ લેવાપાત્ર પુરાવો ન હોય વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**બચાવપક્ષનો પુરાવો :**

(૬) બચાવપક્ષ તરફથી કોઈ મૌખીક કે લેખીત પુરાવો રજુ કરેલ નથી.

**પક્ષકારોની દલીલો :**

(૭) આ કામે ફરીયાદી તથા આરોપી તરફે રેકર્ડ પરનો પુરાવો ધ્યાને રાખી ન્યાયીક હુકમ ફરમાવવા વિનંતિ કરેલ છે.

**મુદ્દા અને તેના નિર્ણયો :**

(૮.૧) આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

મુદ્દા નં. ૧ શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર સાબીત કરે છે કે, આ કામના ફરીયાદીની વાદળી કલરની છકડો રીક્ષા રજી. નં. જી.જે. ૧૩ ટી. ૫૬૧૯વાળી જેની કિ.રૂા. આશરે ૨૦,૦૦૦/- ગણી શકાય જે સરા રોડ ઉપર ઢવાણીયા દાદાના દેરી સામે નારાયણ પેરાજ ટ્રાન્સપોર્ટ પાસે રાખેલ હોય જયાંથી આ કામના આરોપી ચોરી કરી લઈ જઈ બી.એન.એસ.ની કલમ-૩૦૩(૨) મુજબ શિક્ષાને પાત્ર ગુન્હા કરેલ છે ?

મુદ્દા નં. ૨ શું હુકમ ?

(૮.૨) કામમાં રજુ થયેલ મૌખિક અને લેખીત પુરાવા તથા કાયદાના પ્રબંધો લક્ષમાં રાખતાં, ઉપરોકત મુદ્દા માટેના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ નકારમાં,

મુદ્દા નં. ૨ આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

(૯) પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ હાલના કેસની સાબીતીનો બોજો ફરીયાદપક્ષ પર રહેલ છે. તે દૂર કરવા ફરીયાદપક્ષ ઘ્વારા ઉપર નોંધેલ મૌખીક પુરાવો અને લેખીત પુરાવો રેકર્ડ પર રજૂ કરેલ છે. બંને પક્ષકારોની દલીલો ઘ્યાને લીધી. કાયદાના લાગુ પડતા પ્રબંધો ઘ્યાને લીધા.

**પુરાવાનું મુલ્યાંકન**

**મુદ્દા નંબર – (૧) :**

(૧૦.૧) ફરીયાદપક્ષે આંક–૦૬થી ફરીયાદી દયારામભાઈ ભુદરભાઈ ચાવડાનાઓને તપાસેલ છે. જેઓએ એવી જુબાની આપેલ છે કે,બનાવ તા.૨૨/૧૨/૨૦૨૫ના રાત્રીના નવ વાગ્યા બાદ તા.૨૩/૧૨/૨૫ના વહેલી સવારના છ વાગ્યા સુધીમાં બનેલો. અમારી ટ્રાન્સપોર્ટ ઓફીસના કાર્મચારી કારુભાઈ મંગાભાઈ અમારી છકડો રીક્ષા નં. જી.જે. ૧૩ ટી.પ૬૧૯ ફેરો કરીને અમારા નારણ પેરાગ ટ્રાન્સપોર્ટની ઓફીસ જે ઢવાણીદાદાની દેરી પાસે આવેલ છે ત્યાં મુકીને રાત્રે ઘરે ગયેલ. ત્યારબાદ સવારે મારો દિકરો સુમીત ઓફીસે ગયેલ

ત્યારેઅમારી રીક્ષા જોવામાં આવેલ નહી. જેથી અમે આજુબાજુમાં તપાસ કરેલ પરંતુ મળી આવેલ નહી જેથી અમોએ કોઈ અજાણ્યા ઈસમે ચોરી કરેલ હોવાનું જાણી હળવદ પોલીસસ્ટેશનમાં પોલીસ ફરીયાદ આપેલી. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે હુ ઓળખુ છુ. જે અસલ ફરીયાદ રજુ રાખલ આંક–૭ આપવામાં આવે છે. આરોપીને હું ઓળખતો નથી. આ ચોરી કોણે કરેલ તે મને ખબર નથી.

ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે ચોરી કોણે કરેલી તે મેં નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે તેની રીતે ફરીયાદ લખી લઈ તૈયાર ફરીયાદમાં સહી કરવાનું કહેતા મેં સહી કરેલી.

(૧૦.૨) આ કામે ફરીયાદી પક્ષે આંક–૮થી પંચસાહેદ ભાવેશભાઈ રમેશભાઈ કોળીને તથા આંક–૧૦થી પંચસાહેદ રાજુભાઈ વિનોદભાઈ વીરમગામીયાને તપાસવામાં આવેલ છે. તેઓ આ કામના આરોપીને અટક કર્યાના પંચનામાના પંચસાહેદો છે. આ સાહેદોએ પંચનામામાં તેમની સહી ઓળખી બતાવી આંક–૯થી રજુ કરેલ છે. સદરહુ સાહેદોએ તેમની સરતપાસ દરમિયાન પંચનામાની હકીકત તથા ફરીયાદની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. સદરહુ સાહેદોને ફરીયાદપક્ષ ધ્વારા ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ છે અને અદાલતની પરવાનગીથી ભારતીય સાક્ષ્ય અધિ. ક. ૧૫૭ તળે તેમની તપાસ કરવામાં આવેલ છે. સદરહુ તપાસ દરમિયાન કોઈ સમર્થન કારી પુરાવો રેકર્ડ પર નોંધાયેલ નથી.

(૧૧) બચાવપક્ષ ઘ્વારા બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામું પુરાવામાં વંચાણે લેવામાં આવે તો વાંધો નથી તેવો શેરો કરી આપી આ કામે આંક–૧૧થી રજુ છે.

(૧૨) આ કામે આરોપી વિરુઘ્ધના આક્ષેપિત ગુનાના તત્વોને ઘ્યાને લેતાં તથા રેકર્ડ પરના પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામના આરોપીની સીધી અને શંકા રહીત સંડોવણી રેકર્ડ પર સાબિત થતી નથી તેમજ ફરીયાદપક્ષ ઘ્વારા આરોપી વિરુઘ્ધ આક્ષેપિત ગુનાની તાત્વીક હકીકતો અંગેના પુરાવાનો રેકર્ડ પર અભાવ છે. જે સંજોગોમાં આ કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ફરીયાદપક્ષને લેશમાત્ર સમર્થનકારી રહેતા નથી. પુરાવાને સમગ્ર રીતે લક્ષમાં રાખવી મુલવતાં ફરીયાદપક્ષ ઘ્વારા આરોપીની હાલના ગુનામાં સંડોવણી સાબિત કરી શકેલ નથી. જેથી આરોપી વિરુઘ્ધ આક્ષેપિત ગુનો શંકાથી પરે સાબિત કરી શકેલ નથી. આરોપી પાસેથી મુદ્દામાલ મળી આવેલ હોય તેવો પુરાવો રજુ કરેલ નથી.

(૧૨) ઉપરોકત તમામ ચર્ચા અને રેકર્ડ ઉપરનો મૌખિક તથા લેખિક પુરાવો ઘ્યાને લેતાં ફરીયાદપક્ષ આરોપી વિરુઘ્ધ આક્ષેપિત ગુનો પુરાવાના અભાવે શંકાથી પરે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે, તેમજ આરોપીની સંડોવણી સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. આ અદાલતએ સિઘ્ધાંત સુવધિત છે કે માત્ર એક સાહેદનો પુરાવો સુદઠ, વિશ્વસનીય અને શંકાથી પરે હોય તો તેના ઉપર આધાર રખી શકાય. પરંતૂ જયારે પુરાવામાં શંકા ઉદભવે ત્યારે તેનો સીધો લાભ આરોપીને મળવા

પાત્ર થાય છે. જે સંજોગોમાં ઉપરોકત તમામ હકીકત નજર સમક્ષ રાખતા આ કામે પુરાવાનો અભાવ છે. જેથી શંકા ઉદભવે છે. જેથી એવું ઠરાવવામાં આવે છે કે ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધ આક્ષેપિત બી.એન.એસ. કલમ–૩૦૩(૨) મુજબનો ગુનો શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી મુદ્દા નં.૧ને નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.ર અન્વયે ન્યાયના હીતમાં નીચે મુજબ આખરી હુકમ પસાર કરવામાં આવે છે.

## –:: આખરી હુ ક મ ::–

(અ) આ કામના આરોપી સવજીભાઈ કાંન્તીભાઈ દેવીપુજક રહે. મેલડીનગર જી.ઈ.બી. કવાર્ટર બાજુમાં ઝુપડામાં, વિરમગામ, જી.અમદાવાદનાઓને બી.એન.એસ.એસ. એકટ, ૨૦૨૩ની કલમ–૨૭૧ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૩(૨) મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(બ) આરોપીઓના ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન હાજર રહેવા માટે રજુ કરેલ ખત તથા જામીન આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(ક) આ કામે કબજે કરેલ મુદ્દામાલ છકડો રીક્ષા રજી. નં. જી.જે.૧૩ ટી. ૫૬૧૯ની માલીકી અંગે ખરાઈ કરી, માલીકને પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

(ડ) આ કામના આરોપીઓ દ્વારા અપીલ અદાલત સમક્ષ

હાજર રહેવા સારુ બી.એન.એસ.એસ. એકટ, ૨૦૨૩ની કલમ–૪૮૧ મુજબ રજુ કરેલ રુપિયા ૧૫,૦૦૦/– (રુ. પંદર હજાર પુરા)ના જામીન તથા તેટલીજ રકમના જાત મુચરકા આ હુકમની તારીખથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(ઈ) ક્રિમીનલ મેન્યુઅલ પારા–૩૪૯(૧) મુજબ આંકે ન પડેલ કાગળો અપીલ / રીવીઝનનો નિર્ણય / નિકાલ થયા બાદ પોલીસ સ્ટેશને પરત કરવા.

(૪) ફોર્મ–બી (બે ટેબ્યુલર સ્ટેટમેન્ટ) ફોજદારી મેન્યુઅલ ના નિયમ–૧૭૯(એ)(૧)(૨) મુજબ આ ઠરાવના ભાગ તરીકે સાથે સામેલ રાખેલ છે.

હુકમ આજ રોજ તા.૨૫મી માહે:માર્ચ સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં હળવદ મુકામે વાંચી–સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

હળવદ.

તા.૨૫/૦૩/૨૦૨૬ ( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, હળવદ.

કોડ નં.જી.જે.૦૦૭૧૧.

*H.D.Lakum*

*Steno.*